**<u>ક્રિમી.પર.અરજ નં.૨૩/૨૦૨૬</u>**

**<u>ક્રિ.કેસ નં.૩૩૭/૨૦૨૨ ના કામે બી.એન.એસ.એસ. કલમ ૪૮૦ મુજબની રજુ જામીન અરજી લગત હુકમ.</u>**

અરજદાર/આરોપી તરફે રજુ હાલની જામીન અરજી વંચાણે લીધી, જામીન અરજી લગત અરજદાર/આરોપીના વિ.વકીલશ્રીને તેમજ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા તેમજ કેસનુ રેકર્ડ ધ્યાને લીધુ,

અરજદાર/આરોપી સામે ઈ.પી.કો.કલમ ૩૭૯,૧૮૬, ૩૩૨, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.એમ.એમ.સી.આર.–૨૦૧૭ ની કલમ ૨૧ ,૨૨ તથા એમ.એમ.આર.ડી. એકટ–૧૯૫૭ કલમ ૨૧ મુજબના ગુનાનું તહોમત છે. જે ગુનાના કામે અરજદાર/આરોપી નં.૧ મુદતે હાજર ન રહેતા તેઓનુ વોરન્ટ કરવામાં આવેલ જે કામે અરજદાર/આરોપી હાલમાં જયુડી. કસ્ટડીમાં લેવામાં આવેલ છે.

અરજદાર/આરોપી તરફે એવી રજુઆત છે કે, તેઓ ગરીબ વર્ગના મજુરીયાત માણસ છે અને તેઓ અગાઉની મુદતે અનિવાર્ય કારણોસર હાજર રહી શકેલ નહી. જેના કારણે તેમનુ વોરન્ટ કાઢવામાં આવેલ જે કામે અરજદાર/આરોપી હાલમાં જયુડી.કસ્ટડીમાં છે, અરજદાર/આરોપી નાશીભાગી જાય તેવા ઈસમ નથી તેમજ અરજદાર/આરોપીને જામીન પર મુકત કરવાની ના.કોર્ટને વિશાળ સત્તા રહેલી છે. અરજદાર/આરોપી કોર્ટ ફરમાવે તે રકમના જામીન આપવા તથા શરતોનું પાલન કરવા તૈયાર છે તે સંજોગોમાં યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે. જયારે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ અરજદાર/આરોપી સામેના ગુનાની ગંભીરતા ધ્યાને લઈ તેમજ તે જામીન મુકત થયા બાદ નિયમિત મુદતે હાજર રહેતા ન હોય જેથી સદર જામીન અરજી નામંજૂર કરવા રજુઆત કરેલ છે.

આ કામે ઉભય પક્ષકારોની રજુઆત તથા અરજદાર/ આરોપી સામેના હાલના આક્ષેપીત ગુનાની સજાની જોગવાઈ ધ્યાને લેતાં,

તેમજ અરજદાર/આરોપી સામેના કેસનું રેકર્ડ ધ્યાને લેતાં અરજદાર/આરોપી ચાલુ ટ્રાયલે હાજર ન રહેતાં તેનુ વોરન્ટ કરવામાં આવેલ જે કામે અરજદાર/આરોપીને જયુડી. કસ્ટડીમાં લીધેલ છે. આ કામે અરજદાર/આરોપી તરફેની રજુઆતો તથા રેકર્ડ જોતાં અરજદાર/આરોપી અગાઉની મુદતે હાજર ન રહેતા તેનુ વોરન્ટ કરવામાં આવેલ જે કામે હાલમાં જયુડી.કસ્ટડીમાં છે. આ કામે અરજદાર/આરોપી સામેના ગુન્હાની જોગવાઇ તથા અરજદાર/આરોપીની આર્થિક શારીરિક સ્થિતિ ધ્યાને લેતાં તેને વધુ સમય જેલમાં ન રાખતાં  એક વધુ તક આપવા ઉચિત જણાતું હોઈ સાથે અરજદાર/આરોપીની હાજરી સીકયોર કરવા યોગ્ય રકમના જામીન લેવા ઉચિત જણાતુ હોઈ અરજદાર/આરોપીએ રજુ કરેલ જામીન અરજી  લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>આખરી હુકમ</u>

અરજદાર/આરોપી તરફે રજુ જામીન અરજી મંજૂર કરવામાં આવે છે. અરજદાર/આરોપી દિલીપભાઈ સ/ઓ કાન્તીભાઈ લાલાભાઈ ખાંટ, રહે.ઝર, ઉમ્બરીયા, માળીયા ફળિયુ, તા.ખાનપુર, જી.મહીસાગર વાળાએ  રૂ.૧૦,૦૦૦/- પુરાના **એક એવા બે** સધ્ધર જામીન રજુ કરેથી અને હવેની હરેક મુદતે બીનચુક હાજર રહેવાની શરતે  જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તા.૧૨મી, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ જાહેર કર્યો

તા.૧૨.૦૩.૨૦૨૬
સ્થળ: ખેડા.

(મહેશકુમાર ચીમનલાલ પટેલ)
અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ,
ખેડા.

[ GJ01199 ]